ગાંધીનગર સમાચાર

# બીએસએફ એથ્લેટિક્સ મીટમાં ગુજરાત ફ્રન્ટિયર ચેમ્પિયન

## વિમેન્સ બાસ્કેટ બોલમાં વેસ્ટર્ન કમાન્ડ અને વિમેન્સ એથ્લેટિક્સમાં ઈસ્ટર્ન કમાન્ડ વિજેતા : રંગારંગ કાર્યક્રમ સાથે રમતોત્સવનું સમાપન

ગાંધીનગર, તા. ૩૧ ગાંધીનગર ખાતેના બીએસએફના ગુજરાત ફ્રન્ટિયર એકમના યજમાન પદે યોજાયેલી ૪૦મી ઈન્ટર ફ્રન્ટિયર એથ્લેટિક્સ તથા પહેલી વિમેન્સ ઈન્ટર કમાન્ડ બાસ્કેટબોલ સ્પર્ધાનું આજે રાજ્યના મુખ્ય સચિવ જે.એન. સીંઘની ઉપસ્થિતિમાં સમાપન થયુ હતુ. આ રમતોત્સવના અંતે એથ્લેટિક્સમાં ગુજરાત ફ્રન્ટિયર અને વિમેન્સ બાસ્કેટ બોલમાં વેસ્ટર્ન કમાન્ડ ચેમ્પિયન ટીમ તરીકે જાહેર કરાયા હતા. આ રમતોત્સવમાં ૫૨ મહિલા ખેલાડીઓ સાથે કુલ ૪૯૨ ખેલાડીઓએ ભાગ લીધો હતો.





છેલ્લા પાંચ દિવસથી સેક્ટર-૧૫ ખાતેના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સાઈ સ્ટેડિયમ તથા ગુજરાત ફ્રન્ટિયર બીએસએફના સ્પોર્ટસ કલબ ગ્રાઉન્ડ ખાતે ચાલી રહેલ આ રમતોત્સવનું રંગારંગ કાર્યક્રમ અને ટીમોની માર્ચપાસ્ટ સાથે સમાપન થયું હતું. અંતિમ દિવસે યોજાયેલ ૪૦૦X૪ રીલે દોડમાં ગુજરાત ફ્રન્ટિયરની ટીમ વિજેતા બની હતી. જ્યારે ૧૫૦૦ મીટર દોડની ફાઈનલમાં પંજાબ ફ્રન્ટિયરના કોન્સ્ટેબલ સત્યવાન વિજેતા બન્યા હતા. રમતોત્સવના સમાપન પ્રસંગે ઉપસ્થિત ગુજરાત રાજ્યના મુખ્ય સચિવ જે.એન. સીંઘે બીએસએફની ટીમને સ્પર્ધાના સુંદર આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા. રમતોત્સવના સમાપન પ્રસંગે બીએસએફના જવાનોએ શૌર્યગીત પર નૃત્ય તથા પંજાબી ભાંગડા નૃત્ય પ્રસ્તુત કર્યા હતા જ્યારે ગાંધીનગરના વેણુભારતી ગ્રૂપે ગુજરાતી રાસ-ગરબા અને ટીપ્પણી નૃત્યનું સંયોજન રજૂ કરી દર્શકોના મન મોહી લીધા હતા.

સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ જે.એન. સીંઘ ઉપરાંત અતિથિ વિશેષ પદે જીઓસી-૧૧ના મેનેજર જનરલ અનિલ પુરી તથા ક્રાઈમ એન્ડ રેલવેના સીઆઈડી વિભાગના ડીજી આશિષ ભાટિયા ઉપસ્થિત રહ્યાં હતા.

# બંને ત્રાસવાદીને લઈ એટીએસ ટીમ દ્વારા રિકન્સ્ટ્રકશન

## બંને આંતકવાદીને મોંઢે કાળુ કપડું ઢાંકી સંભવિત સ્થાનો પર લઇ જઇ તપાસ : ચોંકાવનારી માહિતી સામે આવશે

અમદાવાદ,તા. ૩૧ ગુજરાત એટીએસના અધિકારીઓ આજે બપોરે આઈએસઆઈએસના બંને આંતકવાદીઓને લઈને શહેરના ખાડિયા વિસ્તારમાં આવી હતી. આ બંને આંતકવાદીઓએ ખાડિયામાં યહુદી ધર્મસ્થાન પર હુમલો કરવાની અગાઉ જે કબૂલાત કરી હતી, તેના અનુસંધાનમાં સમગ્ર પ્લાનના રિકન્સ્ટ્રકશનના ભાગરૂપે બંને આંતકવાદીઓને લઈને ગુજરાત એટીએસની ટીમ ખાડિયા આવી હતી અને સંભવિત સ્થાનોએ બંને આંતકવાદીઓને લઈ જઈ બારીકાઈથી તપાસ હાથ ધરી હતી. એટીએસના અધિકારીઓ દ્વારા બંને આંતકવાદીઓના મોંઢે કાળુ કપડુ પહેરાવી તેમણે જણાવેલ સ્થળોએ લઈ જવાયા હતા અને ત્યાં લઈ જઈ કઈ રીતે હુમલાનું પ્લાનીંગ કરવાના હતા તેઅંગેની ઝીણવટભરી પૂછપરછ હાથ ધરી હતી. એટીએસના સૂત્રોના મતે, બંને આંતકવાદીઓની પૂછપરછ અને તપાસમાં કેટલાક વધુ ચોંકાવનારા ખુલાસા અને માહિતી બહાર આવે તેવી શકયતા છે. હાલ આરોપીઓના રિમાન્ડ હેઠળ છે અને તેથી તેઓને સાથે રાખી કેસની બારીકાઈથી તપાસ ચાલી રહી છે. તેના ભાગરૂપે જ બંને આરોપીઓને આજે અમદાવાદના ખાડિયા વિસ્તારમાં લાવવામાં આવ્યા હતા અને તેમની પૂછપરછ કરી સંબંધિત સ્થાનોએ તેમને રૂબરૂ લઈ જઈ સાથે રાખી તપાસ હાથ ધરાઈ છે. ઉલ્લેખનીય છે કે, સુરતના ઉબેદ મિરઝા અને કાસીમ ટીમ્બરવાલાની ગુજરાત એટીએસએ ધરપકડ કરી તેઓના દસ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. એટીએસની પૂછપરછમાં ચોંકાવનારા ખુલાસા થયા હતા કે, બંને આંતકવાદીઓ આંતકવાદી કૃત્યને અંજામ આપ્યા બાદ જમૈકા ભાગી જવાના હતા, જેની તૈયારી પણ કરી રાખી હતી. પોલીસે આ અંગેના દસ્તાવેજો પણ જપ્ત કરી લીધા હતા. બંને આંતકવાદીઓની પૂછપરછમાં તેઓએ કબૂલાત કરી હતી કે, તેઓ અમદાવાદ શહેરના ખાડિયા વિસ્તારમાં યહુદી ધર્મસ્થાન પર હુમલો કરવાના હતા અને તેનું પ્લાનીંગ કર્યુ હતું. આ માટે તેઓ સ્થાનિક શખ્સોની મદદ લઈ આંતકવાદી કૃત્યને અંજામ આપવાના હતા.

# ગુજરાતમાં રન ફોર યુનિટી છવાઈ : લાખો લોકો દોડયા

અમદાવાદ, તા. ૩૧ સરદાર પટેલ જયંતિ નિમિતે આજે અમદાવાદ શહેર સહિત રાજયભરમાં રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે સવારે આઠ વાગ્યે શાહીબાગ વિસ્તારમાં સરદાર સ્મારક ખાતે અમદાવાદ જિલ્લા કલેકટર અને મ્યુનિસિપલ કમિશનર દ્વારા રન ફોર યુનિટીનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. બીજીબાજુ, અમદાવાદ શહેરના વિવિધ વોર્ડોમાં પણ રન ફોર યુનિટીના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના મેયર ગૌતમ શાહ, અમદાવાદ કલેકટર, મ્યુનિસિપલ કમિશનર, સ્થાનિક કોર્પોરેટરો, કાઉન્સીલરો સહિતના મહાનુભાવોફ પણ રન ફોર યુનિટિમાં નગરજનોની સાથે દોડ લગાવી હતી. આજે શહેર સહિત રાજયભરમાં લાખોની સંખ્યામાં લોકો રન ફોર યુનિટીની દોડમાં જોડાયા હતા. રન ફોર યુનિટી મારફતે આજે રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો સંદેશો વહેતો કરાયો હતો. આજે મેયર ગૌતમ શાહ જયાંથી દોડ લગાવવાના હતા તે શહેરના નારણપુરા વિધાનસભા મતક્ષેત્રમાં નવા વાડજ વોર્ડના મંત્રી રમેશભાઈ ગીડવાણી, મહામંત્રી ખેતારામ પુરોહિત અને પ્રભારી મુકેશભાઈ પરમાર તથા અન્ય કોર્પોરેટરો, કાઉન્સીલરોની હાજરીમાં રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારે સાત વાગ્યે સરદાર પટેલના બાવલાથી હજારો લોકો દોડ લગાવતાં રિવરફ્રન્ટ ખાતે પહોંચ્યા હતા. જેમાં સ્થાનિક નગરજનો અને



રહીશો પણ ભારે ઉત્સાહ સાથે દોડમાં જોડાયા હતા. મેયર સહિતના મહાનુભાવોએ દોડ લગાવી નગરજનોનો ઉત્સાહ વધાર્યો હતો. અમદાવાદ શહેરના ૪૮ વોર્ડોમાં આ જ પ્રકારની દોડનું આયોજન હાથ ધરાયું હતું. રન ફોર યુનિટીની દોડમાં જોડાયેલા લોકોમાં મહદ્‌અંશે ટ્રેકશુટ અને ખાસ ડ્રેસ પહેરીને આવ્યા હતા. શહેરભરમાં આજે રન ફોર યુનિટીનો દોડનો માહોલ છવાયો હતો. લોકોમાં ભારે ખુશી અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. ભાજપ દ્વારા દરેક વોર્ડ દીઠ રન ફોર યુનિટીમાં મોટાપાયે કાર્યકરો અને સ્થાનિક લોકોને જોડવાની સ્થાનિક નેતાઓ અને અગ્રણીઓને સૂચના અપાઈ હતી. જો કે, ચૂંટણી આચારસંહિતાના કારણે રન ફોર યુનિટીમાં ભાજપ કે કોંગ્રેસ દ્વારા બેનરો કે પ્રચાર કાર્ય કરી નહી શકાય પરંતુ તેમછતાં ગુપ્ત પ્રચાર અભિયાન જારી રહ્યું હતું. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રન ફોર યુનિટીમાં સમગ્ર દેશને દોડ લગાવવા અનુરોધ કર્યો હતો, તેથી ભાજપે આજે રન ફોર યુનિટીને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. જો કે, કોંગ્રેસના નેતાઓ અને અન્ય રાજકીય પક્ષો તરફથી પણ શહેર સહિત રાજયભરમાં જિલ્લા-તાલુકા કક્ષાએ રન ફોર યુનિટીના કાર્યક્રમોના આયોજન કરી સ્થાનિક પ્રજાજનો સાથે દોડ લગાવવામાં આવી હતી.


## કંપની સમાચાર

### મહિન્દ્રા લોજિસ્ટિક્સ લિમિટેડ ઇક્વિટી શેરદીઠ ૪૨૯ના ભાવ ધરાવતા કુલ ૨૪૭.૨ કરોડનાં ૫૭.૬૨ લાખ ઇક્વિટી શેરની ફાળવણી ૧૫ એન્કર ઇન્વેસ્ટર્સને કરશે

મહિન્દ્રા લોજિસ્ટિક્સ લિમિટેડ ("કંપની")એ ૧૫ એન્કર ઈન્વેસ્ટર્સને શેરદીઠ રૂ. ૪૨૯ની કિંમત ધરાવતા અને કુલ રૂ. ૨૪૭.૨ કરોડનાં ૫૭,૬૨,૨૦૩ ઈક્વિટી શેરની ફાળવણી કરવાનો નિર્ણય લીધો છે. કુલ ૧૦ સ્કીમ મારફતે ૬ મ્યુચ્યુઅલ ફંડે અરજી કરી છે.

એન્કર ઈન્વેસ્ટરમાં સામેલ છેઃ વેલિંગ્ટન-આલ્બર્ટ ટીચર્સ રિટાયરમેન્ટ ફંડ બોર્ડ (કુલ એન્કર બુકમાં ૪.૦૫ %); ગોલ્ડમેન સાશ ઈન્ડિયા લિમિટેડ - ૯.૩૦ %; ફર્સ્ટ સ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ આઈસીવીસી-સ્ટીવર્ટ ઈન્વેસ્ટર્સ ગ્લોબલ ઈર્મજિંગ માર્કેટ્સ સસ્ટેઇ નિબિલિટી ફંડ - ૯.૩૦ %; ઈસ્ટ બ્રિજ કેપિટલ માસ્ટર ફંડ લિમિટેડ - ૬.૦૭ %; અમુન્ડી ફંડ્સ એસબીઆઈ એફએમ ઈક્વિટી ઈન્ડિયા - ૬.૦૭ %; પિક્ટેટ-ઈન્ડિયન ઈક્વિટીઝ - ૪.૦૫ %; પીઆઈ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ I - ૬.૦૭ %; કોપ્ટહોલ મોરેશિયસ ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડ - ૪.૯૪ %; એચડીએફસી સ્મોલ કેપ ફંડ - ૫.૨૬ %; HDFC ટ્રસ્ટી કંપની લિમિટેડ-એચડીએફસી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ - ૪.૦૫ %; રિલાયન્સ કેપિટલ ટ્રસ્ટી કંપની લિમિટેડ એકાઉન્ટ રિલાયન્સ સ્મોલ કેપ ફંડ - ૯.૩૦ %; આદિત્ય બિરલા સન લાઈફ ટ્રસ્ટી પ્રાઈવેટ લિમિટેડ એકાઉન્ટ અદિતી બિરલા સન લાઈફ મિડકેપ ફંડ - ૯.૩૦ %; યુટીઆઈ-ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ - ૩.૦૩ %; યુટીઆઈ-ટ્રાન્સપોર્ટેશન એન્ડ લોજિસ્ટિક્સ ફંડ - ૩.૦૩ %; ડીએસપી બ્લેકરોક ઈક્વિટી ફંડ - ૨.૦૨ %; ડીએસપી બ્લેકરોક બેલેન્સ ફંડ - ૪.૦૪ %; સુંદર મ્યુચ્યુઅલ ફંડ - સુંદરમ બેલેન્સ ફંડ - ૩.૦૩ %; સુંદરમ મ્યુચ્યુઅલ ફંડ એકાઉન્ટ સુંદરમ ઇન્ફ્રા સ્ટ્રક્ચર એડવાન્ટેજ ફંડ - ૩.૦૩ %; બિરલા સનલાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ - ૪.૦૫ %.

કંપનીએ ૩૧ ઓક્ટોબર, ૨૦૧૭ને મંગળવારે કંપનીના રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતાં કુલ ૧૯,૩૩૨,૩૪૬ ઈક્વિટી શેર ("ઈક્વિટી શેર")નો આઈપીઓ લાવવાની દરખાસ્ત રજૂ કરી હતી.


# બાળકોના મોત મામલે હાઈકોર્ટના સીટીંગ જજથી તપાસની કોંગીની માંગ

## શકિતસિંહ ગોહિલે સિવિલમાં બાળકોના મોત મામલામાં ગંભીર બેદરકારી અને ઉદાસીનતાના સીધા આક્ષેપો કર્યા

સિવિલ હોસ્પિટલમાં સેપ્ટીસિનિયા ઈન્ફેકશનના કારણે ત્રણ જ દિવસમાં ૨૦થી વધુ નવજાત શિશુઓના મોત નીપજવાના રાજયભરમાં ખળભળાટ મચાવનારા પ્રકરણમાં કોંગ્રેસ દ્વારા ગુજરાત હાઈકોર્ટના સીટીંગ જજ મારફતે ન્યાયિક તપાસ કરાવવા માંગણી કરી છે. ગુજરાત કોંગ્રેસના સિનિયર નેતા શકિતસિંહ ગોહિલે સમગ્ર મામલામાં રાજય સરકારની ગંભીર બેદરકારી અને જવાબદારીના આક્ષેપો કર્યા હતા અને સરકારની ગુનાઈત બેદરકારીના કારણે ઘટના ઘટી હોવાનું જણાવ્યું હતું. સરકાર દ્વારા નીમાયેલી ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિએ પ્રાથમિક તપાસના અંતે સિવિલ હોસ્પિટલને કલીનચિટ્ આપતાં કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવકતા અને પક્ષના સિનિયર નેતા શકિતસિંહ ગોહિલે તાબડતોબ પત્રકાર પરિષદ બોલાવી તેમાં ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. ગોહિલે જણાવ્યું તે, નિર્દોષ નવજાત શિશુઓના અકાળે મોતની ઘટનામાં ભાજપ સરકાર પોતાની ભૂલ જાહેરમાં સ્વીકારે અને ગુજરાતની જનતાની માફી માંગે. આ સમગ્રપ્રકરણ માટે સરકારની ગુનાઈત બેદરકારી જવાબદાર છે. અતિગંભીર છે અને તેની ન્યાયિક તપાસ થાય તે જરૂરી છે, તેથી હાઈકોર્ટના સીટીંગ જજની અધ્યક્ષતામાં સીટની રચના કરી તેના મારફતે નિષ્પક્ષ થવી જોઈએ. તેમણે વધુમાં જણાવ્યુંહતુંકે, નવજાત શિશુઓ કે બાળકો માટેની સિવિલ હોસ્પિટલમાં પૂરતી કે યોગ્ય સારવાર કે વાતાવરણ ઉપલબ્ધ નથી. લાખો રૂપિયાના ખર્ચે ખરીદાયેલી એમ્બ્યુલન્સમાં લાઈફ સપોર્ટ સીસ્ટમ નથી. આઈસીયુ અને ટ્રોમા સેન્ટરમાં એ.સી ચાલતા નથી તો, ડસ્ટ અને એર ફિલ્ટર પણ રખાયા નથી. બાળકોના આરોગ્યની કાળજી માટે ૨૪ કલાક સીસીટીવી નીરીક્ષણ કરવુ જરૂરી છે. સગર્ભા મહિલાઓની તપાસ કરીને ત્રીજા મહિનાથી જ સરકારે તેમની કાળજી લેવાની હોય છે. સગર્ભા મહિલાને પૂરતું પોષણ અને આયર્ન મળે રહે તેનું ધ્યાન રાખવાનું હોય છે પરંતુ સગર્ભા મહિલાઓને પૂરતું પોષણ કે આયર્ન જ અપાતું નથી અને તેથી સરકારની ઘોર બદરકારીના કારણે કુપોષિત બાળકો જન્મે છે. સરકારની ગ્રાંટ મળવા છતાં તેમાંથી નાના બાળકોને પ્રવાહી ખોરાક અપાતો નથી, નાના બાળકોને ફળોનો જયુશ, સુપ, દૂધપૌંઆ વગેરેમાંથી કંઇ જ અપાતુ નથી.

સિવિલ હોસ્પિટલમાં નવજાત શિશુઓના મોત પ્રકરણમાં તબીબી શિક્ષણ વિભાગના નાયબ નિયામક ડો.રાઘવ કે.દીક્ષીતની અધ્યક્ષતામાં નીમાયેલી તપાસ સમિતિએ ઓન ડયુટી ડોકટર્સ અને નર્સના નિવેદન લીધા હતા અને સમગ્ર ઘટનામાં સિવિલ હોસ્પિટલના સાધનો અને સારવારના વ્યવસ્થાપનોની તપાસ પણ કરી હતી અને તપાસના અંતે સમગ્ર મામલામાં સિવિલ હોસ્પિટલના સત્તાવાળાઓ કે તબીબોની કોઈ ચૂક કે બેદરકારી જણાઈ ન હતી અને સિવિલ હોસ્પિટલને કલીન ચિટ્ આપી દીધી હતી.



## ખેડબ્રહ્મામાં તુલસીવિવાહ નિમિત્તે ધ્વજારોહણ

ખેડબ્રહ્માના રાધાકૃષ્ણ મંદિરમાં તુલસીવિવાહ નિમિત્તે મંદિરમાં ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ધ્વજા ચડાવવાનો ધર્મલાભ અટારા લલ્લુભાઈ તથા ગોપીમંડળની બહેનોએ લીધો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.

## હેલ્લો ફ્રેન્ડ્સ! ● ૪ પાનાનું ચાલુ...

થતું નથી.' એવું સંભળાવે. એમનાં કૂતરાં વિશેનું પાગલપન એવું કે દર વર્ષે એમનો જન્મ દિવસ મનાવે, પાર્ટી કરે. આ બેન વિશે સાંભળ્યા પછી મને સ્વાભાવિક પ્રશ્ન થયો, જો બેન આટલા પ્રેમાળ છે, તો પછી પતિ સાથે બબાલ કેમ ? કૂતરાં કરતાં પચાસ ટકા પ્રેમ પતિને કર્યો હોત તો કદાચ એમને કૂતરાં પાળવાનો પ્રશ્ન જ ના આવ્યો હોત !!

આજકાલના બાળકોને કૂતરાં પાળવાનો ક્રેઝ છે. અલગ-અલગ બ્રીડના પેટ્સ લાવી એને પાળવાનાં. હવે આ બાળકોનાં મા-બાપ સવાર સાંજ બાળકો માટે મહેનત કરે, રૂપિયા કમાવે, બચત કરે, બાળકોને વહાલ કરે... આનાથી ઉલટુ આ બાળકો કૂતરાંને વહાલ કરે, મા-બાપ સામે ઘૂરકિયાં કરે અને કયારેક તો હડકાયાં કૂતરાં જેવું વર્તન કરે, ઘરનું એકાદ ઘર કરવામાં કામચોરી કરે, પણ કૂતરાની પોટ્ટી સાફ કરવામાં શરમ ના અનુભવે, એ કૂતરાંને વળગીને જેટલું વહાલ કરે, પ્રેમથી વાત કરે, એટલું મા-બાપને કેમ નહીં કરતા હોય? પ્રાણીના પ્રેમનો વિરોધ નથી પણ જીવતાં અને પરિવાર માટે ઘસાતાં માણસનાં પ્રેમનાં ભોગે કૂતરાંને પ્રેમ ? યે બાત કુછ હજમ નહીં હુઈ !

બાળકોની જવાબદારી સ્વિકારતાં મા-બાપને એમનાં કૂતરાં સાચવવાની જવાબદારી પણ વધારામાં મળી જાય છે ! આ કૂતરાંનાં વિચારમાં મારાં બાંકડા પાસે આવીને બેસેલાં કૂતરાંએ મારાં બાટાના બુટ કયારે ચાવી ખાધાં? ખબર જ ના પાડી, ત્યારે યાદ આવ્યું કે બાળપણમાં એકવાર દિવાળીમાં કૂતરાની પૂંછડીએ ફટાકડાંની લુમ બાંધીને કૂતરાંને દોડાવેલો એટલે આજે બદલે વાળ્યો...

'ચાલો ઘરે નથી આવવાનું?' મને કૂતરો માણસના અવાજમાં ભસતો લાગ્યો, પછી ખ્યાલ આવ્યો કે પત્ની કૂતરાની શોધમાં ભસતી ભસતી છેક બગીચા સુધી પહોંચી હતી, હું મનમાં બબડતો હતો, 'કૂતરાંની પૂંછડી કદાચ સીધી થાય પણ પત્નીની...' એ પણ જાણે મારો અંતર આત્માનો અવાજ સાંભળી ગઈ એમ બોલી, 'હું કંઈ ભચકાં ભરવા નથી આવી, બોલાવવાં જ આવી છું.' અને અમે બંને પૂંછડી પટપટાવતાં અમારી ગલીમાં વળી ગયાં !

ચૂંટલો : કૂતરો એ સૌનો મનગમતો અને પરિવારના સભ્ય જેવો દરજ્જો ધરાવે છે. એના લાડ-કોડ-વહાલ બધું જ માન્ય, પણ જયારે ઘરનાં બાળક કરતાં એના વખાણ વધી જાય ત્યારે બચકું ભર્યા જેવું લાગે, સામે બાળક મા-બાપને વહાલ કરવાં કરતાં કૂતરાંને વધુ વહાલ કરે ત્યારે બાળકો હડકાયાં થયાં જેવાં લાગે!

## રામમંદિર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રિઝવીએ કહ્યું હતું કે, કેટલાક મુલ્લાઓને છોડીને સમુદાય વિવાદાસ્પદ સ્થળ ઉપર મંદિર સ્વીકારવા માટે સહમત છે. મુસ્લિમ સમુદાયના લોકો હિંસા ઈચ્છતા નથી. અમે એવા મૌલવીઓનો પણ ઉલ્લેખ કરી રહ્યા નથી જે હિંસાની વાત કરે છે. આવા લોકોની કાયદાકીય રીતે કોઈપણ અસ્તિત્વની બાબત નથી. સમગ્ર દેશના મુસ્લિમો હિંસા ઈચ્છતા નથી. આ વિવાદને વાતચીતથી જ ઉકેલવામાં આવે તે જરૂરી છે. રિઝવીએ કહ્યું હતું કે, શ્રીશ્રી આવી ગયા બાદ અમને આશા છે કે, આ મામલો ઉકેલાઈ જશે. આના ઉપર વાતચીત ચાલી રહી છે. સમજૂતિમાં કયા કાય મુદ્દા હોવા જોઈએ તેને લઈને પણ ચર્ચા છે. બંને સમુદાયને પોતાની હારનો અનુભવ ન થાય તે પણ આશા જરૂરી છે.

પારસ્પરિક વાતચીતથી વર્ષ ૨૦૧૮માં અયોધ્યામાં રામ મંદિર નિર્માણની પ્રક્રિયા શરૂ થઈ જશે. રામ જન્મભૂમિ ન્યાસના સભ્ય રામવિલાસ વેદાંતીએ શ્રીશ્રીના વિરોધ પર સિયા વક્ફ બોર્ડના અધ્યક્ષે પ્રશ્ન કરતા કહ્યું છે કે, તેઓ કોણ છે. વેદાંતી આ મુદ્દા ઉપર બોલનાર કોણ છે.

## ભૂંસવાનો પ્રયાસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમના માહાત્મ્યનો સ્વીકાર કરે કે ના કરે પરંતુ અમારી પેઢી તેમને ઈતિહાસથી દૂર થવા માટે તૈયાર નથી.

મોદીએ કહ્યું જ્યારે દેશે અમને કામ કરવાનો મોકો આપ્યો તો તેમનું કામ પેઢીઓ સુધી જાણી શકાય તેથી અમે રન ફોર યુનિટીનું આયોજન કર્યું. દેશના પ્રથમ રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદે કહ્યું હતું, આજે આપણને વિચારવા અને બોલવા માટે ભારત નામનો દેશ ઉપલબ્ધ છે. જે સરદાર વલ્લભભાઈ પટેલની સ્ટેટ્સમેનશિપ અને તંત્ર પર પકડના કારણે થઈ શક્યું. આમ થવા છતાં આપણે સરદાર સાહેબની ભૂલી ગયા છીએ. રાજેન્દ્ર બાબુએ સરદાર સાહેબને ભૂલાવી દેવાની પીડા વ્યક્ત કરી હતી. આજે રાજેન્દ્ર બાબુનો આત્મા જ્યાં પણ હશે ત્યાંથી ખુશ થતો હશે.

મોદીએ કહ્યું, ભારત વિવિધતાઓનો દેશ છે. જ્યાં સુધી વિવિધતાથી ખૂદને જોડીશું નહીં ત્યાં સુધી રાષ્ટ્ર નિર્માણમાં તેનો ઉપયોગ કરી શકીએ. ભારતે વિશ્વના આચાર-વિચાર તેનામાં સમેટી લીધા છે. આજે વિશ્વમાં એક પરંપરામાં ઉછરેલા લોકો બીજા લોકોને જીવતા જોવા તૈયાર નથી. આ સમયમાં હિન્દુસ્તાન ગર્વથી કહી શકે છે કે આ અમારી તાકાત છે. જે રીતે આપણે દર વર્ષે ભાઈ-બહેનના સંબંધને મજબૂત કરવાનું પર્વ મનાવીએ છીએ તેવી રીતે એકતાનો મંત્ર યાદ રાખવો જરૂરી છે. આપણો દેશ એક રહે, સરદાર સાહેબે દેશ માટે જે કર્યું તે હવે સવાસો કરોડ લોકોની જવાબદારી છે. સરદાર સાહેબની જયંતીના ૧૫૦ વર્ષ પર આપણે તેમને શું આપીશું તેનો સંકલ્પ લેવાનો છે.

મોદીએ રન ફોર યુનિટીમાં સામેલ થયેલા લોકોને શપથ લેવડાવ્યાં કે, 'હું સત્યનિષ્ઠાથી શપથ લઉ છું કે રાષ્ટ્રની એકતા, અખંડતા અને સુરક્ષાને બનાવી રાખવા માટે સ્વયંને સમર્પિત કરી દઈશ અને દેશવાસીઓ વચ્ચે આ સંદેશ ફેલાવવાનો પણ પ્રયત્ન કરીશ. હું આ શપથ દેશની એકતાની ભાવનાથી લઈ રહ્યો છું. જેને સરદાર વલ્લભભાઈ પટેલની દૂરંદેશી તથા કાર્યો દ્વારા શક્ય બનાવી શકાયા છે. હું મારા દેશની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પણ આત્મનિષ્ઠાથી શપથ લઉ છુ. ભારત માતા કી જય.'

ક્રિકેટર સુરેશ રૈના, હોકી પ્લેયર સરદાર સિંહ, વેટ લિફ્ટર કર્ણમ મલ્લેશ્વરી, જિમ્નાસ્ટીક દીપા કરમાકર પણ હાજર રહ્યા હતા.

## ગાંધીનગર (દ)માં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પસંદગી કરવાનું પક્ષ જો વિચારે તો હિતેન્દ્ર પટેલના સમાજનું પ્રભુત્વ નોંધપાત્ર છે. આ ઉપરાંત હિતેન્દ્ર પટેલની રાજકીય સક્રિયતા અને હોસ્પિટલના માધ્યમથી નદીકાંઠાના ગામોમાં લોકપ્રિય કાર્યકર ગણાય છે. છેલ્લી ચૂંટણીમાં ભાજપમાં જોડાયેલા પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને હાલ નાણાપંચના અધ્યક્ષ નરહરી અમીનનું નામ પણ જોરશોરથી ચાલે છે. જો કે નરહરિ અમીનના નજીકના સુત્રોના જણાવ્યા મુજબ તેમને સાબરમતી કે નારણપુરાની બેઠકો માટે વધુ રસ છે. જિલ્લાના રાજકીય માહોલમાં જિલ્લા ભાજપના બીજા મહામંત્રી આઈ.બી. વાઘેલા પણ પ્રબળ દાવેદાર મનાય છે. ગાંધીનગર કોર્ટમાં બાર એસોસીએશન અને અન્ય સંગઠનોમાં અનેક પદો ઉપર સેવા આપનાર આઈ.બી. વાઘેલા સામાજીક અને રાજકીય સંપર્કો વ્યાપક પ્રમાણમાં ધરાવે છે.

ગાંધીનગર જિલ્લાના અગ્રણી ઉદ્યોગપતિ અને ઠાકોર સમાજના વરિષ્ઠ અગ્રણી એસ.પી. ઠાકોરનું નામ પણ પ્રબળ દાવેદારોની યાદીમાં સ્થાન પામ્યુ છે. એસ.પી. ઠાકોર અગાઉ કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાઈ ભાજપના અનેકવિધ સંગઠનોના કાર્યક્રમોમાં અગ્રેસર રહેતા હોવાથી પક્ષમાં ને સમાજમાં તેમનો બહોળો ચાહકવર્ગ ઉભો થયો છે. જોકે ભાજપ પોતાના પત્તા ક્યારે ખોલશે તે હજુ અનિશ્ચિત છે.

કોંગ્રેસમાં પ્રદેશ પ્રવક્તા અને ગાંધીનગરની સામાજીક શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના અગ્રણી ડૉ. હિમાંશુ પટેલનું નામ મોખરે છે. અડાલજના વતની હિમાંશુભાઈ તેમના સમાજ ઉપરાંત યુવકોમાં ભારે લોકચાહના ધરાવે છે. ટી.વી.ના માધ્યમ પર વારંવાર મહત્વના મુદ્દા ઉપરની ચર્ચાઓમાં નિર્ભિકરીતે પોતાના વિચારો વ્યક્ત કરતાં હિમાંશુભાઈ મતવિસ્તાર પરની પક્કડ મજબુત હોવાનો દાવો કરાય છે. ક્ષત્રિય ઠાકોર સેનાના અલ્પેશ ઠાકોર કોંગ્રેસમાં જોડાતા સેનાના સમર્થકોની દાવેદારી પણ વધતી રહી છે. અલ્પેશ ઠાકોરના સમર્થક અને ઠાકોર સમાજના અગ્રણી ગોવિંદજી ઠાકોરે પ્રબળ દાવેદારોની યાદીમાં સ્થાન મેળવ્યુ છે. ડભોડાના વતની ગોવિંદજી ઠાકોર છેલ્લા ત્રણ વર્ષથી વ્યસનમુક્તિ અભિયાનમાં સક્રિય ભૂમિકા અદા કરી સમાજમાં સમર્થન મેળવવામાં સફળ રહ્યાં છે. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન અને નદીપારના ગામોમાં ભારે રાજકીય વર્ચસ્વ ધરાવતા અરવિંદસિંહ સોલંકી પણ ટિકીટ મેળવવાની રેસમાં અગ્રેસર છે. અરવિંદસિંહ તાલુકા પંચાયત-જિલ્લા પંચાયત અને પંચાયતી રાજના અનેક સ્થાનો પર વહિવટનું ભાથુ ધરાવે છે. જિલ્લા પંચાયતના માધ્યમથી સમગ્ર વિસ્તારમાં સેવાકીય વૃત્તિથી પોતાનું રાજકીય સ્થાન મજબુત બનાવી શક્યા છે. જ્યારે ગાંધીનગર મહાનગરપાલિકાના કાઉન્સીલર અને ગઈ વિધાનસભાના ચૂંટણીના પરાજીત ઉમેદવાર જુગાજી ઠાકોરના પુત્ર હસમુખભાઈ ઠાકોર પણ પોતાની દાવેદારી માટે અડીખમ છે. ઈન્દ્રોડાના વતની અને સતત બે ટર્મથી મનપાના કોર્પોરેટર તરીકે સેવા આપતા હસમુખભાઈ ઠાકોર સમાજ સહીત આસપાસના વિસ્તારોમાં રાજકીય વર્ચસ્વ ધરાવે છે.

કોંગ્રેસ અને ભાજપ માટે ગાંધીનગર દક્ષિણના ઉમેદવારોની પસંદગીનું કામ દિવસે દિવસે અઘરૂ બનતુ જાય છે. જ્ઞાતિ સમિકરણોમાં તથા શહેરી ગ્રામીણ વિસ્તારના સમીકરણોની સ્થિતિ લગોલગ હોવાથી બન્ને પક્ષો છાસ ફુંકી ફુંકીને પીશે. બન્ને પક્ષોના મોવડીમંડળોના અંગત સુત્રોનું માનીએ તો દક્ષિણ ગાંધીનગરનો જંગ શંભુજી ઠાકોર અને ડૉ. હિમાંશુ પટેલ વચ્ચે લગભગ નિશ્ચિત મનાય છે.